સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

જો 'હા' ની 'ના' થઇ તો તમારો હોદ્દો ખેંચાઇ જશે!
બુદ્ધિ ચલાવનારા બારના ભાવે વેંચાઇ જશે!
કેંચાઇ જશે કદે, દિલ્હીની કોઇક સમિતિમાં -
નાચો! કઠપૂતળાં!! નહીં તો દોરી પેંચાઇ જશે!!
('ધ્યાન રાખજો..!' વજુભાઇની સલાહ)

હાઈકુ

વિશ્વાસ પાત્ર,
'હોય છે પુત્રો માત્ર'
સારા એજન્ટ..
(ભ્રષ્ટાચાર ના કાદવમાં-'પંકજ')

નાપાક સેના,
પી જાય ઘોળી ને -
ફ્લેગ મિટીંગ
(ઉલ્લંઘનની વણઝાર)

ચિંતન

ખલાનાં કંટકાનાં ચ દ્વિવિધૈવ પ્રતિક્રિયા । ઉપાનન્મુખ ભંગો ઘા દૂરતો વા વિસર્જનમ્ ॥

'દુર્જન અને કાંટા આ બંનેથી બચવા માટે બે જ ઉપાય કાં તો જોડાથી એનું મોઢું ભાંગી નાખવું અથવા તેને ઉપાડીને દૂર કરવો-ત્યાગ કરવો.'

દુર્જન જે રીતે આચરણ કરે છે એ જોઇ સજ્જન લોકોએ પોતાના પરાક્રમ અને હિંમત દ્વારા શક્તિનો ઉપયોગ કરીને એને એની મર્યાદ બતાવવા 'પછાડી' નાખવા જોઇએ. અર્થાત્ તેને શક્તિનો ઉપયોગ દ્વારા સખણો કરવો.

- અથવા દુર્જનથી દૂર રહેવું એને સ્પષ્ટ સુચના આપી એની સંગતથી દૂર રહેવું. દુર્જન કોઇ પણ પ્રસંગ-કોઇ પણ બહાને પોતાની દુર્જનતા દર્શાવે જ છે.

અહીં કાંટો જે વિના કારણ પગમાં ભોંકાઇ પીડા આપે છે એને કાં તો જોડાથી એનું મોઢું ભાગવું કે એને કાઢી દૂર ફેંકવો એ બે ઉપાય કહ્યા છે જે દુર્જનને પણ લાગુ પડે છે.

સુવિચાર

- આપણી કુંડળીમાં બધા યોગ છે પણ ઇશ્વરનો વિયોગ છે, જન્મકુંડળીને હું વિયોગની કવિતા સમજું છું **- સુરેશ દલાલ**
- આપણે ઓલીમ્પીકમાં ખાલી હાથે પાછા ફર્યા એની પાછળ 'રામાયણ' સીરીયલ જવાબદાર છે.. ઓલીમ્પીકના ટ્રેક ઉપર એક પણ ભારતીય ખેલાડી સુવર્ણ મૃગની પાછળ ગયો નથી એ કંઇ નાની સુની ઘટના નથી **- ચંદ્રકાન્ત બક્ષી**
- જેનું 'હૃદય' વૃક્ષ હોય એને ફુલો આવે છે.. પણ આપણું હૃદય તો સનમાઇકાનું છે.. સનમાઇકાને ફૂલો નથી આવતાં **- મોરારી બાપુ**
- ઘર ગમે તેટલું મોટું હોય પણ એ ઘરમાં માંના અવાજનો ઉજાસ ન હોય તો તેને કરોડો સૂર્ય પણ અજવાળી શકતાં નથી **- અખંડ આનંદ**
- છિદ્રથી જ વાંસ વાંસળી અને ઘડો ગરબો બને છે **- પન્નાલાલ પટેલ**
- આપણી કાંડા ઘડિયાળને નાડીના ધબકારા સાથે કંઇ લેવા દેવા નથી **- એસ. ભટ્ટાચાર્ય**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘટના, બાબત-બનાવ એક જ પ્રકારની હોય પણ એને જોવાની - મૂલ્યાંકન કરવાની-અર્થઘટન કરવાની રીતે વ્યક્તિની દૃષ્ટિ-સ્વભાવ અને સંસ્કાર પર આધારિત હોય છે.

એક માનસશાસ્ત્રી મંદિર બહાર ઓટલે આવતાં જતા ભક્તોનું નિરીક્ષણ કરતા બેઠા હતા.

.. ત્યાં એક મારવાડી ભક્ત કિમતી સોનાચાંદીના વરખવાળી નકસીદાર મોજડી પહેરીને આવ્યા અને તદ્દન બેદરકારીથી ઉતારી નિશ્ચિંત રીતે મંદિરમાં દર્શન કરવા ઝડપથી પગથિયાં ચઢી ગયાં..

.. ત્યાં થોડી જ વારે એક મધ્યમવર્ગી-ફાટેલી તૂટેલી મોજડી પહેરી આવ્યો. ખિસ્સામાંથી પ્લાસ્ટિકનું ઝભલું કાઢ્યું અને એમાં બે મોજડી સરખી ગોઠવી. ઝભલું બગલમાં દબાવી મંદિરમાં દર્શન કરવા ગયો.

બંને સાથે જ પાછા આવ્યા.

માનસશાસ્ત્રીએ બંનેને વિનંતી કરી અટકાવ્યા અને શેઠને પુછ્યું, તમે આવી કિમતી મોજડી નિશ્ચિંત રીતે ઉતારી અંદર ગયા. તમને ચોરી થઇ જવાની ચિંતા નો'તી?

શેઠ કહે, ઇશ્વરમાં શ્રદ્ધા હોય પણ ચિંતા શેની? અને કોઇ જરૂરિયાતવાળો લઇ જાય તો એને મદદરૂપ થવાનો આનંદ આવે ને?

પછી પેલા માણસે કહ્યું. મારી ફાટી-તૂટી મોજડીની થેલી છાતીએ લગાડી જયારે ભગવાનને પ્રાર્થના કરું છું. ત્યારે વધારે દૈન્યભાવ મારામાં જાગે છે અને બીજું એ કોઇને ચોરી કરવાની પ્રેરણા થાય એવું કારણ આપી મારે શા માટે નિમિત્ત થવું?!

માનસશાસ્ત્રી બંને ના જવાબ સાંભળી મૂંઝાઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

વિજ્ઞાનીઓનાં જીવન અને જીવન પ્રસંગ વૈજ્ઞાનિક વિચારના પ્રસાર માટે દાખલારૂપ હોય છે

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

માનવજાત પર ઘણો મોટો ઉપકાર કરનાર એક વર્ગ વિજ્ઞાનીઓનો છે. માનવીમાં દુઃખ દર્દ દૂર થાય, એનાં કામ આસાન થાય, ઉત્તમ ચીજ વસ્તુઓ ઝડપથી પેદા થાય, કામ કરવા માટે એને પોતાની શક્તિ ઉપરાંત અનેક પ્રકારની ઉર્જા મળે, એને ભણવા અને જ્ઞાની બનવા માટેના સરળ સાધનો મળે, એની યાતાયાત સહેલી અને સલામત અને ઝડપી બને, માનવી એકબીજાં સાથે આસાનીથી વાતચીત કરી શકે એવા અનેક ઉમદા હેતુઓ માટે રીતો, સાધનો અને યંત્રો શોધવાનું કામ વિજ્ઞાનીઓ કરતા રહ્યા છે. હજારો વર્ષ અગાઉ ઘણાં જ્ઞાનીઓ આ દિશામાં કામ કરતા હતા. આજે પણ આ કામ થઇ રહ્યું છે. ત્યારે આ વિજ્ઞાનીઓ અંગેની કેટલીય દંતકથાઓ, મનઘડંત વાતો કે પ્રસંગો વાર્તાઓ કે ટી.વી. સિરીયલોમાં આપણે જોઇએ છીએ. જેમાં વિજ્ઞાનીઓને ધૂની, ભૂલકણા, લઘરવઘર રહેનારા દેખાડવામાંઆવે છે. ત્યારે પ્રશ્ન થાય કે શું ખરેખર વિજ્ઞાનીઓ એવા હોતા હશે. સતત નવું વિચારતા રહેતા વિજ્ઞાનીઓ ક્યારેક ચક્રમ જેવા લાગેય ખરા, હોય પણ ખરા. પરંતુ બધા વિજ્ઞાનીઓ એવા નથી હોતા. ઘણાખરા વિજ્ઞાનીઓ સમજુ, ભાવક, પરગજુ, સ્વાભિમાની, દેશપ્રેમી અને વિચારશીલતાના આગ્રહી હોય છે. તેઓ વહેમ, અંધશ્રદ્ધા, બકવાસ ક્રિયાકાંડ વગેરેના વિરોધી હોય છે એટલે એમનાં જીવન અને એમનાં જીવન પ્રસંગો વૈજ્ઞાનિક વિચારના પ્રસાર માટે દાખલારૂપ હોય છે.



આજે મારે તમને એવા જ વિજ્ઞાનીઓની કેટલીક પ્રસંગકથાઓ પર લખાયેલ પુસ્તકની વાત કરવી છે. જેમાં ૧૦૧ વિજ્ઞાનીઓની વાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે વિજ્ઞાનીઓના વિચાર અને વર્તનનું ઉદાહરણ તો રજૂ કરે જ છે. સાથે સાથે વાંચનારાના વિચારોનું પણ ઘડતર કરે છે. આવું વાંચન આદર્શ છે.

'૧૦૧ વાતો વિજ્ઞાનીઓની' પુસ્તકમાંથી પસાર થતાં પુસ્તકમાં વર્ણવવામાં આવેલ વિજ્ઞાનીઓની આ પ્રસંગકથાઓની કોઇ અનુક્રમણીકા આપવામાં આવી નથી. સીધો જ વાચક પ્રસંગની સમીપ પહોંચી જાય છે. તેમ છતાં આ પ્રસંગ કથાઓમાં શિર્ષકો જોતાં વિજ્ઞાનીઓના વિચારો, વર્તન અને લાક્ષણિકતાઓ ઉજાગર થતી હોઇ વાચકને ઝડપભેર તેના વાચન પ્રત્યે દોરી જાય છે અને વાચક તેમાં ઓતપ્રોત થઇ જાય છે. વળી મોટા ભાગના પ્રસંગ કથાઓ એક પાનાથી વધુ લાંબી ન હોવાથી વાચવામાં પણ મજા પડે તેમ છે. જેમ કે વૈજ્ઞાનિક સિદ્ધિ અને ઉંમરને કશો સીધો સંબંધ નથી. ત્યારે નાની ઉંમરે વિજ્ઞાની તરીકે જાણીતા થયેલા લૂઇ અગાસીઝનો પ્રસંગ કથાનું લેખકે સુંદર શિર્ષક આપ્યું છે. 'અરે, આવડા નાના દેહમાં આટલું મોટું મન' તો વળી 'તેમને કોઇ સમજતું નથી', 'નથી જોઇતી રાજસત્તા,' 'આઇન્સ્ટાઇન કે જોડીયા જમડો ડુક્કર?' આવા તો અનેક ચોંટડુક કહી શકાય તેવાં શિર્ષકો વાચકને જકડી રાખે તેવા છે. વળી વચ્ચે વચ્ચે વિજ્ઞાનીઓના ફોટાઓ પણ મુકવામાં આવ્યા છે. અહીં આપણને આઇઝેક અસીમોલ, ઇબ્ન-સીના, હર્બર્ટ ઇવાન્સ, જયોર્જ ઇસ્ટમન, થોમસ આલ્વા એડિસન, જયોર્જ વોશિંગ્ટન કાર્વર, લૂઇ કેરોલ, લોર્ડ કેલ્વીન, હેનરી કેથેન્ડિશ, નિકોલસ કોપર નિક્સ, કોપ લેન્ડ, ગેલીલીયો, ઓલીવર, ગોલ્ડ સ્મીથ, એડવર્ડ જેનર, નિકોલા ટેસબા, ચાર્લ્સ, ડાર્વિન, જહોન, ડાલ્ટન, સર હમ્ફ્રી ડેવી, થેબ્લ, હેનરી ડેવિડ થોરો, આલ્ફ્રેડ નોબેલ, સર આઇઝેક ન્યુટન, સાલ્વાડોર લૂરીઆ, લૂઇ પાશ્ચર, એનરીકો ફર્મી, રોબર્ટ ફલ્ટન, રિચાર્ડ ફેઇન માન, માઇકલ ફેરાડે, બેન્જામીન ફેન્કલીન, વિલિયમ બકલેન્ડ, માર્સેલિન, બર્થીબોલ, સર ફ્રેડરીક ગ્રાન્ટ, બેન્ટિંગ, રોબર્ટ એન્ડ્રયુ મિલિકન, જેમ્સ કલાર્ક, મેક્સ વેલ, લુડ વિ મોંદ, મિલ્ટન રાટિ, અર્નેસ્ટ રુધરફર્ડ, એચ.જી. વેલ્સ, કાર્લ વિલ્હેમ શીલ, જયોર્જ સ્ટીવન્સન, જુલિયન હકલસેલ, જે.બી. એલ.હાલ્ડેન, જહોન હંટર, જેમ્સ વોટ, જેવા વિશ્વ વિખ્યાત વિજ્ઞાનીઓની લાક્ષણિકતાઓ, સ્વભાવની વિવિધતા અને વૈચારિક ઉદાત્તતા, માનવીય અભિગમ, ક્યાંક રમુજી વૃત્તિ તો ક્યાંક વેદનાની વાતો આ પ્રસંગ કથાઓમાં મળે છે.

તેમાં મહાન ભારતીય વિજ્ઞાનીઓનો પ્રસંગ કથાઓ પણ આપણને મળે છે. આયુર્વેદની દુનિયામાં અગ્રેસર એવા ચરક મુનિનો પ્રસંગ 'વગર રજાએ લો તે લૂટ', જગદીશ ચંદ્ર બોઝનો 'વિજ્ઞાનીનું આત્મગૌરવ' દર્શાવતો પ્રસંગ તેમની જાગરૂકતા, સ્વાતંત્ર્ય પ્રેમના પ્રસંગ જાણવા જેવા છે. આપણા વિખ્યાત અણુ વિજ્ઞાની હોમી ભાભા એ વૃક્ષોને કઇ રીતે બચાવેલા તેનો પ્રસંગ કથા 'એ ઝાડ હું ખરીદી લઉં છું.' ખુબ જ પ્રેરક છે. તો વળી શિક્ષકોના ય શિક્ષક વિજ્ઞાની વિદ્યાર્થી સી.વી. રામનની પ્રસંગ કથા 'ભગવાનની ખુરશી' હળવા પ્રસંગમાંથી બહુ મોટી વાત કરે છે. એ જ રીતે આપણા એક સ્વદેશ પ્રેમી બંગાળી વૈજ્ઞાનિક પ્રફુલ્લ ચંદ્ર રાય જે ટૂંકમાં પી.સી. રાય રસાયણશાસ્ત્રી હતા. તેમની ચીવટનો પ્રસંગ પણ વાંચવા જેવો છે. ઇજનેરી વિદ્યાના જાણકાર વિજ્ઞાની મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાના જીવનના પ્રસંગો જાણકાર 'વિજ્ઞાનીની ઘગઘ' જેવા પ્રસંગો જોતાં ૧૦૧ વર્ષ જીવેલા આ વિજ્ઞાનીના જીવનના અનેક પ્રસંગો સોનામૂલી પ્રેરણા આપી જાય છે. તો વળી ગુજરાતના સપુત અને વિખ્યાત અણુ વિજ્ઞાની વિક્રમ સારાભાઇની વડાપ્રધાન ઇન્દિરા ગાંધી સાથેનો પ્રસંગ તેમની કામ પ્રત્યેની નિષ્ઠા અને સમયની કિંમત સમજાવનારો છે. એ જ રીતે ડો. મથાઇ જોસેફ જે આપણા દેશના ખગોળશાસ્ત્રી હતા. તેમની સાથેનો એક રમુજી પ્રસંગ 'જરા કુંડળી બનાવી આપો,' છે. અને છેલ્લે 'વિજ્ઞાનીઓની સરસ્વતી પુજા' નામની પ્રસંગ કથા જાણીતા વિજ્ઞાની મેઘનાદ સહા અંગેની છે. અહીં વિજ્ઞાનીઓની ઘણી જાણીતી અને અજાણી વાતો જાણવાનો વાચકને મોકો મળે છે.

પરંતુ '૧૦૧ વિજ્ઞાનીઓની વાતો' ના આ પુસ્તકમાં હાલમાં કાર્યરત વિજ્ઞાનીઓના પ્રસંગોને પણ આવરી લીધા હોય તો કદાચ વધુ સારું સંપાદન થાય તો સંતોષ મેળવી શકાત.

હવે પછી આપણને એ.પી.જે. અબ્દુલ કલામથી લઇને કલ્પના ચાવલા કે સુનિતા વિલિયમ્સના પ્રસંગોની મજાની કથાઓ યશવંતભાઇ ઉપલબ્ધ કરાવી આપશે તેવી અભ્યર્થના સહ પુસ્તકને આવકારું છું.

૧૦૧ વાતો વિજ્ઞાનીઓની
લેખક - યશવંત મહેતા
પ્રકાશક - અવનિકા પ્રકાશન
૪૧૯/એ, સર્વોદય કોમર્શિયલ સેન્ટર,
ચોથે માળ, જી.પી.ઓ પાસે, અમદાવાદ
પૃષ્ઠ - ૧૨૮, કિંમત રૂ. ૧૨૫, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

વૃદ્ધાવસ્થામાં પડકારો આવ્યા કરે અને તેનો નિકાલ કરવાની સૂઝ કેળવ્યા કરીએ તો જીવન જીવવાનો અનેરો આનંદ છે, કટાઇને મરવા કરતાં ઘસાઇને મરવું સારું

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

આજે સમગ્ર વિશ્વમાં જે ઝડપી વિકાસ થઇ રહ્યો છે એમાં ઉંમરના વિવિધ પડાવો ક્યાં પસાર થઇ જાય છે એ કોઇ સમજી શકતું નથી અને એટલે જ વૃદ્ધત્વ એ હવે દરેક વ્યક્તિ માટે પડકાર બની ગયું છે. વૃદ્ધો આજે જે સમસ્યાનો સામનો કરી રહ્યા છે તેની અનેક ઘટેલું અને સામાજિક વાતોને 'વૃદ્ધાવસ્થામાં જીવન સાફલ્ય' પુસ્તકમાં સમાવવામાં આવી છે. ઉંમરની સાથે જીવનસાથી સાથે ગાળેલા વર્ષો, વૃદ્ધત્વના લક્ષણો તથા સ્વાસ્થ્ય વિષયક વાતોની પણ પુસ્તકમાં વિસ્તૃતરૂપે ચર્ચા કરીને લેખકે ડો. ભાનુ કાપડિયાએ સુંદર માહિતી આપી છે. જો કે લેખકે વૃદ્ધોને જ કેન્દ્રમાં રાખી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હોવાથી પુસ્તકમાં ઘણી સચોટ અને માહિતીસભર વાતો રજૂ કરી કેટલાક વૃદ્ધાશ્રમોના સરનામા અને નંબરોની પણ સુવિધા પુરી પાડવામાં આવી છે અહીં કેટલાક અંશો અત્રે પ્રસ્તુત છે.

વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ જયારે પરાધીન બને છે ત્યારે તેની સેવા-ચાકરી કરવા માટે કુટુંબના સભ્યો વચ્ચે સંઘર્ષ શરૂ થાય છે. એક કરતાં વધારે સંતાન હોય તો વૃદ્ધોને સાથે રાખવા બાબતમાં સંઘર્ષ થાય છે. વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ નોકરીમાંથી પણ નિવૃત્ત થાય છે. તેથી જો અન્ય પ્રવૃત્તિમાં ન જોડાયા હોય તેવા વૃદ્ધો ઘરમાં હોવાથી તેનો સ્વભાવ બગડે છે. દરેક બાબતમાં સલાહ આપતા લાગે છે તેથી ઘરના સભ્યો કંટાળી જાય છે અને વૃદ્ધને એમ લાગે છે કે મારી આમન્યા જાળવતા નથી. મારી ઉપેક્ષા થાય છે. આવી બાબતોથી ઘરમાં સંઘર્ષ થાય છે. વૃદ્ધ વ્યક્તિ પોતાની જરૂરિયાતો પુરી કરવા સક્ષમ ન હોય તો વૃદ્ધના ભરણપોષણ અને દવાના ખર્ચ અંગે પણ પ્રશ્નો ઊભા થાય છે. તેમાંય વૃદ્ધને ડાયાબિટીસ, તાવ, શરદી, અસ્થમા, ઝાડા વગેરે જેવા રોગો હોય તો વૃદ્ધના ખાવા-પીવાના પ્રશ્નોને લઇને પણ ઘરમાં સંઘર્ષ શરૂ થાય છે. ડોકટર કેટલીક વસ્તુઓ ખાવા પર પ્રતિબંધ મુકે છે. ત્યારે સંતાનો વૃદ્ધને તે ખાવા દેતા નથી એટલે વૃદ્ધને તે ખાવું હોય છે તેથી વૃદ્ધને થાય છે કે મને પૂરૂં ખાવાનું પણ આપતા નથી.

વૃદ્ધાવસ્થામાં વૃદ્ધ વ્યક્તિને અશક્તિને કારણે સંતાનો બહાર જવા દેતા નથી તેથી વૃદ્ધને થાય છે કે મારી સ્વતંત્રતા છીનવાઇ ગઇ છે. હવે મારું કોઇ કાંઇ ધ્યાન રાખતું નથી. સાંભળતું નથી. કોઇ આવે તેની સામે આવી વાતો કરવા લાગી જાય છે. તેથી કેટલાક કૌટુંબિક પ્રશ્નો ઉદ્‌ભવે છે. આવા પ્રશ્નોને હલ કરવા વૃદ્ધાવસ્થા પહેલાં જ વ્યક્તિએ કેટલીક અપેક્ષાઓ ઓછી કરી દેવી જોઇએ. આર્થિક આયોજન પણ કરી રાખવું જેથી કુટુંબના સભ્યોને સંભાળ રાખવામાં સરળતા રહે. શક્ય હોય ત્યાં સુધી પ્રવૃત્તિમય જીવન વિતાવવું જેથી કુટુંબના સભ્યોને પણ નડતરરૂપ ન બનવું પડે અને પોતે સુખમય અને આનંદમય, ગૌરવપૂર્વ જીવન વ્યતિત કરી શકે... વૃદ્ધાવસ્થામાં માનવૃત્તિ વિશેષ બળવાન હોય છે. પરિવારમાં પોતાના પ્રત્યે બધા લાગણી દર્શાવે. પોતાને પુછીને પરિવારના સભ્યો બધા નિર્ણયો લે. તેમને જ મહત્ત્વ આપે તેવા જાતજાતના મનોરથ તેમને થતા હોય છે. પરિવારના સભ્યોના હિત કરવાના નામે તેમની પ્રવૃત્તિઓમાં માથું મારવાની વૃત્તિ તેમના જીવનમાં ભારે મોટી અશાંતિનું સર્જન કરે છે.

વૃદ્ધો પોતાને પરિવાર સાથે સમરસ થઇને રહેવું છે એમ વિચારે અને આચરે તો પોતાના અનુભવ, જ્ઞાન, નિખાલસતા, ઋજુતા અને વડીલો માટે રહેતા સહજ આદર વગેરેને કારણે પ્રિય થઇ પડે અને સૌ અપમાનિત થવાના ડર વિના તેના માર્ગદર્શન માટે ઉત્સુક રહે. તેમના અનુભવ, જ્ઞાન અને પ્રેમનો લાભ મળે. વૃદ્ધાવસ્થામાં હવે મારાથી કંઇ થાય નહીં તેમ માનવાને બદલે જે થાય તે શારીરિક અને બૌદ્ધિક કામ કર્યા કરવું, ખાઇ-પીને પડી રહેવું નહીં. બીડી, સિગારેટ, તમાકુ, પાન-મસાલા, ટોળટપ્પા વગેરે દ્વારા સમય વ્યતીત કરવો નહી. પોતાનાથી બને તેટલો ફાળો નિર્લેપપણે આપે તો કુટુંબમાં બધાને પ્રિય બની રહે.

સૌથી મોટી વાત છે અપેક્ષા ન રાખવાની, ક્યારેય સંતાનોને એવું ન કહેવું કે મેં તારા માટે આટલું કર્યું. તમને જન્મ આપ્યો, મોટા કર્યા, ભણાવ્યા, પરણાવ્યા ને મારું આટલુંય તમારાથી થતું નથી? આવી વાત ભૂલથી પણ ન કરવી. આપણાં મા-બાપે જન્મ આપી ઉછેરી મોટા કર્યા તે તેમની ફરજ હતી. હવે તમે તમારી ફરજ બજાવો. સંતાનોના જન્મને સુખની અપેક્ષા ન કહેવા. આપણે આપણાં સંતાનોને ઉછેરી મોટાં કર્યા તે આપણી ફરજ હતી. આપણાં સંતાનો તેનાં સંતાનોને ઉછેરી મોટા કરશે. આપણે આપણાં મા-બાપને સાચવ્યા અને સેવા કરી તોપણ સંતાન પાસે એવી અપેક્ષા ન રાખશો. દરેક સંતાનોને પણ પોતાના મા-બાપને સાચવતાં જ હોય છે. પણ ક્યાંક કંઇક એવી પરિસ્થિતિનું સર્જન થતાં તે ન પહોંચી શકે તો કશું બોલસો નહીં, તમારા માટે ઓછામાં ઓછું વપરાય, પૈસા, ચીજવસ્તુ, ખોરાક વગેરે સંતાનોના સમયની પણ કાળજી રાખો. સંતાનો તમારા માટે થોડું પણ કરે તો તેમનો આભાર માનવો. સંતાનોના બજેટમાં ન બેસે તેવી માગણી ન કરવી. સંતાનો મિત્રો સાથે વાતો કરતાં હોય તે જગ્યાએ જઇને બેસવું નહીં. હાજરીમાં જ જો સંતાનોના મિત્રો મળવા આવ્યા હોત તો થોડી ઔપચારિક વાતો કરી ધીરે રહીને ત્યાંથી સરકી જવું. આવું શક્ય જ ન હોય તો તેમની વાતચીતમાં દખલ ન કરવી. કંઇ વાંચવા માંડ્યું.

વિલિયમ જેમ્સ નામના એક અમેરિકને એક મહાન સત્ય કહ્યું છે કે, આપણા યુગની મોટામાં મોટી શોધ એ છે કે પોતાના વલણ બદલવ માત્રથી માનવી પોતાનું જીવન બદલી શકે છે. કુટુંબમાં, રહેનાર વૃદ્ધોએ વૃદ્ધાવસ્થા પહેલાં જ પોતાના સ્વભાવનું નિરીક્ષણ કરી બીજાને શું ગમશે તેવું આચરણ કરવાની ટેવ પાડવી. કેટલાક વૃદ્ધોનો સ્વભાવ એવો હોય છે કે સંતાનોને ગમે કે ન ગમે તો પણ આમ કરો ને તેમ કરો એમ ટોક્યા જ કરે. વહુઓને રસોઇની બાબતમાં ખણખોદ કરે, ભૂલો બતાવ્યા કરે. આખો દિવસ ટકટક ક્યારેક કોઇનેય ના ગમે. વૃદ્ધાવસ્થામાં પડકારો આવ્યા કરે અને તેનો નિકાલ કરવાની સૂઝ કેળવ્યા કરીએ તો જીવન જીવવાનો અનેરો આનંદ છે. કટાઇને મરવા કરતાં ઘસાઇને મરવું સારું.

લેખક પાસે આંખને ભીની કરી શકે તેવી સહૃદયતા અને વિસ્મય પામી શકે તેવું મન હોય તે જરૂરી છે

No tears in the the writer, no tears in the reader.
No surprise in the writer, no surprise in the reader.
- Robert Frost

અક્ષયપાત્ર

- બકુલ દવે

લખવું : આસુંનો એક્સ-રે

(લેખક પાસે આંસુ નથી, સંવેદના નથી તો વાચક પાસે પણ આંસુ નથી. લેખક માટે આશ્ચર્ય નથી, વિસ્મય નથી તો વાચક માટે પણ તે લેખકની કૃતિમાં - વિસ્મય જગાડે એવું કંઇ નથી હોતું.)

અમેરિકન કવિ રોબર્ટ ફ્રોસ્ટનું આ વિધાન લેખક અને વાચક વચ્ચેની ચૈતસિક ગતિવિધિઓ - મનોવ્યાપાર માટે વાસ્તવિકત અને સટીક છે. ફ્રોસ્ટ કહે છે : લેખક પાસે આંખને ભીની કરી શકે તેવી સહૃદયતા અને વિસ્મય પામી શકે તેવું મન હોય તે જરૂરી છે. બાળકમાં આ બેય હોય છે. એટલે લેખક બાળક જેવો સહજ હોવો જોઇએ. બાળક અનાયાસ હસી શકે છે, હસાવી શેક છે ને એ મોકળાશથી રડી પણ શકે. લેખકને પણ હસતાં અને મુક્ત મને રડતાં આવડવું જોઇએ. એને પણ બાળકની જેમ નાની બાબતોમાં કુતૂહલ અને રસ જાગવાં જોઇએ. લેખકમાં જેટલા અંશે બાળકની આ ખાસિયતો હોય છે એટલી સહજતા, સરળતા અને નિરપેક્ષતા એના લખાણમાં પણ અનાયાસ જ પ્રગટતી રહે છે.

વહેતી નદીના પાણીમાં પગ બોળી બેસી રહેવાની કે છબછબિયાં કરવાની લેખકની ઇચ્છા કોઇ કથાના પાત્રમાં આવિર્ભાવ પામે છે, ત્યારે વાચકમાં રહેલી તેવી જ ઇચ્છાનું પાત્રમાં પ્રત્યારોપણ થતું હોય છે ને તે રીતે લેખક અને ભાવક વચ્ચે હાર્દિક સાયુજ્ય રચાતું હોય છે. એ જ રીતે અજાણ્યું પંખી જોઇ કોઇ પાત્ર એની નિકટ જાય એવું કૃતિમાં બનશે ત્યારે વાચકનું મન પણ વિસ્મયથી પ્રેરાઇને તેની પાસે જવા થનગની ઊઠશે. આ વિસ્મયના આનંદનું નિરૂપણ લેખક અને વાચક વચ્ચેના પ્રત્યાયનને સદૈવ તાજગીભર્યું રાખે છે.

પ્રતિદિન કેટકેટલી ઘટનાઓ બનતી હોય છે પણ એ બધામાંથી એકાદને લઇને કોઇ લેખક કલાકૃતિ નિપજાવે છે, જયારે બીજા લેખકને એનું મહત્ત્વ ન દેખાય એવું પણ બને. કલાનો આયામ ઉમેરાય તે માટે ઘટનાની અંદર જોવું પડતું હોય છે. લેખક ઘટનાને બહારથી અને અંદરથી જુએ છે ત્યારે એ ઘટનાનું સાહિત્યિક કૃતિમાં રૂપાંતર શક્ત બને છે. ધીમે ધીમે વાચક અચંબિત રહી જાય છે. એને થાય છે જેને પોતે શોધી રહ્યો હતો, હાથમાં આવી વારંવાર જે સરકી જતું હતું તે જ તો આ! હૈયામાં હતું તે જાણે કોઇએ એના હોઠ પર લાવી દીધું. તે ક્ષણે લેખકની અનુભૂતિ વાચકની પણ બની રહે છે. મજાની વાત એ હોય છે કે કૃતિમાં સર્વત્ર હોવ છતાંય લેખક ક્યાંક હોતો નથી, ઇશ્વરની જેમ! વ્યક્ત રહેવા છતાંય તે અવ્યક્ત રહેતો જણાય છે. વ્યક્તમધ્ય!

સંવેદનની વાત કરીએ તો લેખકનો ડૂમો એના લખાણમાં રસાય છે ત્યારે શબ્દો ભીનાશ પકડે છે. એ ભીનાશ અગણિત વાચકોના હૃદય સુધી પહોંચે છે. વેદનાનો વિસ્તાર થાય છે. જેમાં પ્રત્યેક ભાવક સહભાગી બને છે. પીડા વહેંચાતી જાય છે. એવું લાગે છે કે કલમાં શાહી ભરીને નહીં પણ એને આંસુમાં ઝબોળીને લખ્યું છે. ભાવક આ પ્રકારની કૃતિમાંથી વારંવાર ઇચ્છતો રહે છે. લખે તે બધા જ લેખક એવું નથી હોતું. ગિટારના તાર છેડે અથવા તો પિયાનો બજાવે તે બધા જ મધુર સંગીત નિષ્પન્ન કરી શકતા નથી. આવું જ કલમ પકડનાર માટે કહી શકાય. કોઇકે કહ્યું છે, 'The art of writing is the art of Restraint.' એટલે કે લેખનની કળા સ્વસ્થ અને સંતુલિત વિચારોને વ્યક્ત કરવાની કળા છે.